# શામળાજીમાં ભાટીયા સમાજ મોડાસા જૂથ સેવા મંડળ દ્વારા નિવૃત્ત કર્મચારી સન્માન-સ્નેહ મિલન યોજાયું

## ભાટીયા સમાજની દુરંદર્શિતાને આમંત્રિતોએ બિરદાવી

શામળાજી, તા.૨૬

ભિલોડા તાલુકાના શામળાજીની પંચાલ સમાજવાડીમાં ભાટીયા સમાજ મોડાસા જૂથ સેવા મંડળ દ્વારા સમાજના સેવા નિવૃત્ત સરકારી અધિકારી-કર્મચારીઓની યશસ્વી કામગીરીને બિરદાવી તેમનો નિવૃત્તિ સન્માન અને સમાજનું સ્નેહ મિલન તાજેતરમાં જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલિકાબેન તબિયાડ સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું.

કાર્યક્રમના પ્રારંભે પ્રમુખ ડાં.અરવિંદભાઈ ભાટીયાએ સર્વ મહેમાનો અને નિવૃત્ત અધિકારી-કર્મચારીઓને આવકારવાની સાથે કાર્યક્રમનો હેતુ જણાવ્યો હતો. સમાજના યુવક-યુવતીઓ વધુ ઉચ્ચ શિક્ષણ મેળવે અને સમાજને



વધુ ઉંચાઈ ઉપર લઈ જાય તેવા સહીયારા પ્રયાસમાં સૌના મળી રહેલા અમૂલ્ય સહયોગને તેઓએ યાદ કર્યો હતો. ત્યારબાદ રાજયની વિવિધ સરકારી કચેરીઓમાં ઉત્કૃષ્ઠ સેવાઓ સાથે સમાજનું ગૌરવ વધારનારા નિવૃત્ત કર્મચારીઓનું ઉપસ્થિત આમંત્રિતોના હસ્તે બહુમાન કરાયું ત્યારે સમાજના નિવૃત્ત કર્મચારીઓ ભાવુક થયા હતા. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે ભાટીયા સમાજ મોડાસા જૂથ સેવા મંડળ દ્વારા સમાજના નિવૃત્ત થયેલા અધિકારી-કર્મચારીઓનું જે સન્માન થયું છે તેનો ઉલ્લેખ કરી મોટા સમાજોએ આવા નાના સમાજના સંગઠનમાંથી પ્રેરણા લેવી જોઈએ તેવી માર્મિક ટકોર પણ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, કન્વિનર, સહમંત્રી, ખજાનચી તથા સમાજના સભ્યો, સલાહકાર સમિતિના સભ્યો વગેરેનું મહત્વનું યોગદાન રહ્યું હતું. સમાજની દિકરી માનસી વિરેન્દ્રભાઈ ભાટીયા(દધાલિયા) બેટી બચાવો, બેટી પઢાઓ..વિશે મનની વકતવ્ય આપી સૌને ગદગદીત કર્યા હતા. દિકરી એક નહીં પરંતુ બે કુળ તારનારી હોવાનું પણ જણાવ્યું હતું.

### કંડક્ટરની મનમાની સામે મુસાફરોમાં રોષ

# મોડાસા આવતી નડીયાદ ડેપોની એસ.ટી. બસમાં રૂા.પાંચની નોટ સ્વીકારવાનો કંડક્ટરનો ઈન્કાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લામાં વેપારીઓ ૫ ની નોટ સ્વીકારતા ન હોવાની વ્યાપક ફરિયાદી પછી હવે મોડાસા આવતી નડીયાદ એસ.ટી. ડેપોનીક યમી સ્ટની એસટી બસમાં કંડકટર પરા ૫ ની નોટ સ્વીકારવાનો ઈક્રાર કરી રહ્યાની વિગતો મુસાફરોમાંથીસાંભળવા મળી રહી છે. રીઝર્વ બેક ૫ની નોટ ચલણમાંથી દૂર કરી નથી છતાં વેપારીખો અને હવે એસ.ટી. નિગમના કંડકટરો સ્વીકારવા માટે ધરાર ઈક્રાર કરી રહ્યા છે.

૪ ૧૦ના સિક્કા અને ૦૫ની ચલણી નોટ આર્થિક વ્યવહારમાં ચાલુ હોવા છતાં કેટલાય વિસ્તારોમાં તેનો ચલામાં અસ્વીકાર થઈ રહ્યો છે. હમણાં સુધી વેપારીઓ ઘરની ધોરાજી હાંકીચલણી સિક્કા લેવાથી ઈક્રાર કરી રહ્યા હતા ત્યાં હવે એસ.ટી. બસમાં પણ રુપની ચલણી નોટનો કકળાટ શરુ થયો છે. મોડાસા-નડીયાદ ાયમી દૌડતી એસ.ટી. બસમાં કાયમી મુસાફરો કંડારને ૫ ની નોટ આપે તો કંડક્ટર દ્વારા નોટ તરત પરત આપ ૧દવામાં આવે છે કોઈ મુસાફર ચલણી નોટ ચલામાં ચાલુ હોવાનું ક્યું ત્યારે અમારે કેશિયર છે ૫ ની ચલણી નોટ સ્વીકારતા નથી તેમ ી હાથ ઉંચા કરવામાં આવે છે. છેલ્લા કેટલાય સમયથી એસ.ટી. બસોમાં આ પ્રકારે રુ ૧૦ના સિક્કા અને ૫ ની ચલણી નોટ કંડકટર દ્વારા સ્વીકારવામાં આવતી ન હોવાની વ્યાપક કરિયાદી કાયમી ઉઠી છે. તેમાંય નડીયાદ એસ.ટી. ડેપોની બસમાં કંડક્ટર રુપની નોટ હાથમાં પકડતાં પણ નાનમ અનુભવતા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે જેના કારણે કાયમી મુસાફરોમાં નોટને લઈ ચણભણાટ શરુ થયો છે. એક તરફ રીઝર્વ બેક દ્વારા ૪૫ ની નોટ કાયમી ચાલુ હોવાનું તેમજ તેનો અસ્વીકાર કરનાર સામે કાયદાકીય પગલાં ભરાઈ શકે તેવી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ ખુદ એસ.ટી. નિગમ કંડકટરો દ્વારા કાયમી ચલણાનો અસ્વીકાર કરવામાં આવી રહ્યો છે.

**મને ફરિયાદ થશે તો પગલાં ભરીશું : નડીયાદ ડેપો મેનેજર**

એસ.ટી. બસમાં ૫ ની ચલણી નોટ સ્વીકારવામાં આવતી નથી. ખાસ કરીને નડીયાદ એસ.ટી. ડેપોના કંડક્ટરો આ મુદે મુસાફરો સાથે ચડભડ પર ઉતરી આવતા હોય છે. નડીયાદ એસ.ટી. ડેપો મેનેજર રીનાબેન દરજીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે મને આવી ફરિયાદ મળશે તો કંડક્ટર સામે પગલાં ભરવામાં આવશે.

### બનાસ ડેરી આગામી સમયમાં ૧૦ લાખ દેશી કાંકરેજી ગાયનો લક્ષ્યાંક પૂર્ણ કરશે

# ડીસાની ટેટોડા ગૌશાળામાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ.વર્ગીસ કુરિયનની ૧૦૦મી જન્મ જયંતિ ઉજવાઈ

## રકતદાન કેમ્પમાં ૧૦૯ થી વધુ બોટલ લોહી એકત્ર કરાયું

પાલનપુર, તા. ૨૬

બનાસ ડેરી દ્વારા શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો વર્ગીસ કુરિયન ની ૧૦૦ મી જન્મ જયંતિ નિમિત્તે ડીસાની ટેટોડા ગૌશાળા ખાતે રકતદાન તેમજ પશુ સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૦૯ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.



બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી પાલનપુર (બનાસ ડેરી) દ્વારા શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો વર્ગીસ કુરિયન ની ૧૦૦ મી જન્મ જયંતિ ની ઉજવણી ટેટોડા ગૌશાળા ના પ.પૂ.મહંત શ્રી રામરતનજી મહારાજ, બનાસ ડેરીના મેનેજીંગ ડીરેકટર સંગ્રામભાઈ ચૌધરી, સિનિયર જનરલ મેનેજર ડૉ. વિરેનભાઈ દોશી, જનરલ મેનેજર ડૉ. પ્રફુલભાઈ ભાણવાડીયા, ડૉ. જવાહરભાઈ ચાવડા તેમજ બનાસ ડેરીના ડીએચ અને એમપી વિભાગના અધિકારીઓ ની ઉપસ્થિતિમાં રકતદાન શિબિર, નિશુલ્ક પશુ સારવાર કેમ્પ, ખરવા - મોવાસા રસીકરણ અને સામુહિક કૃમિ નિવારણ કેમ્પ ડીસાની ટેટોડા ગૌશાળા ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. રકતદાન કેમ્પ માં ૧૦૯ થી વધુ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પ ને સફળ બનાવવા માટે બનાસ ડેરી દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

**આગામી પાંચ વર્ષમાં ૧૦ લાખ દેશી ગાય કરવાનો લક્ષ્યાંક**

બનાસડેરીના ઈ.એમ.ડી. શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ.કુરિયનજી એ દુધના ધંધા થકી પશુપાલકોને આત્મનિર્ભર બનાવ્યા છે. તેમણે ''અમૂલ'' મોડેલને દેશ અને દુનિયામાં વિકસાવીને ભારતનું ગૌરવ વધાર્યું છે. દેશમાં IDMC, IRMA અને GCMMF જેવી સંસ્થાઓના વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. ક્વોલીટી અને પ્રમાણિકતાએ તેમના જીવનનો મૂળમંત્ર રહ્યો છે.

પાંચ વર્ષ અગાઉ બનાસકાંઠા જીલ્લામાં સવા લાખ દેશી ગાય હતી. જેની સામે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી એ પાંચ વર્ષ માં ત્રણ લાખ દેશી ગાય સુધી પહોંચ્યા છે. જયારે આગામી પાંચ વર્ષ માં બનાસકાંઠા જીલ્લામાં ૧૦ લાખ દેશી ગાયો ઉછેરવાનો લક્ષ્યાંક છે તેમ બનાસ ડેરીના સિનિયર જનરલ મેનેજર ડૉ. વિરેનભાઈ દોશીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ૧૦૯ જેટલા દાતાઓએ રક્તદાન કર્યુ હતું. ૧૫૦ પશુઓની સારવાર તેમજ ૧૦૦૦ રસીકરણ માટેના ડોઝ આપવામાં આવ્યા હતા અને કૃમિ નિવારણ માટે ૬૦૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પશુઓને ૧૦૦૦ કિલોગ્રામ મિક્ચર દાણ પણ આપવામાં આવ્યું હતું.

### પ્રાંતિજ કોર્ટ દ્વારા ચેક રીટર્ન કેસમા મહત્વનો ચુકાદો

# પ્રાંતિજના જૈનપુરના ઈસમને ચેક રીટર્ન કેસમા એક વર્ષની સજા

## દંડની રકમના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા : પ્રાંતિજ કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને સર્જા સાથે દંડ ફટકાર્યો

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ચેક રિટર્નના એક કેસમા આરોપીને એક વર્ષની સાદી કેદ અને રૂપિયા ૧૪,૫૬૦૦૦ નો દંડ નો હુકમ કર્યો. પ્રાંતિજના અમીનપુર ખાતે રહેતા ફરીયાદી પટેલ નૈલેષ કુમાર મીઠાલાલ તથા આરોપી મેલાભાઈ ગોકાભાઈ રબારી જેવો રહે પલ્લાચર ખાતે રહે છે અને તેવોએ અમીનપુર ખાતે રહેતા નૈલેષ કુમાર સાથે મિત્રતા નો સંબંધ હોય તેવો પાસેથી તારીખ ૧૨I૧૧I૨૦૧૪ના રોજ તેવોના ઘરે જઈ ટ્રેકટર લેવા અને દુકાન રાખેલ હોય તે માટે રૂપિયા ૭,૫૦,૦૦૦ છ માસ માટે હાથ ઉછીના તરીકે માંગણી કરી હતી અને નૈલેષ ભાઈ પટેલે પોતાના ભાઈ હાર્દિક કુમાર મીઠાલાલ પટેલ ના ખાતા માંથી રૂપિયા-૪,૮૦,૦૦૦ તથા બીજી રકમ સાથે કુલ-રૂપિયા ૭,૫૦,૦૦૦ રોકડા પટેલ આશિષ કુમાર મનુભાઈ રહે. અમીનપુરની હાજરીમાં હાથ ઉછીના આપેલ જે છ માસ નો વાયદો પરત આપવાનો કરેલ પણ સમય જતા રૂપિયા પરત ના આપતા ફરીયાદી દ્વારા ઉઘરાણી કરતા આરોપી એ તા.૧૦I૯I૨૦૧૬ ના રોજ ઘરે આવેલ અને ૨૨,૦૦૦ રોકડા અને ભારતીય સ્ટેટ બેંક નો પ્રાંતિજ શાખાનો ચેક તા.૧૪I૯I૨૦૧૬ ના રોજ નો રૂપિયા-૭,૨૮૦૦૦ નો ચેક આપ્યો હતો અને જે ચેક ફરીયાદી પોતાના પ્રાંતિજ ખાતે આવેલ એચ.ડી એફ બેંક ખાતા મા ભરતા ચેક રીટર્ન થતા ફરીયાદી એ આરોપીને જાણ કરતા સરખો જવાબ ના મળતા વકીલ કે.એ.રોહિત ને ચેક રીટર્ન કેસ અંગેનો કેસ સોંપતા કે.એ. રોહિત દ્વારા મેલાભાઈ ગોકાભાઈ રબારી વિરૂધ્ધ પ્રાંતિજ કોર્ટ મા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ પ્રાંતિજ એડી.જયુડી મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ મા કેસ દાખલ કરતા કેસ ચાલતા પટેલ નૈલેષ ભાઈ ના વકીલ કે.એ. રોહિત દ્વારા કોર્ટ મા ધારદાર દલીલો કરતા એડીશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી.જી. સોલંકી એ આરોપી મેલાભાઈ ગોકાભાઈ રબારી તકસીરવાન ઠરેવી એક વર્ષ ની સાદી કેદ તથા ૧૪,૫૬,૦૦૦ દંડ નો હુકમ ફરમાવ્યો હતો અને તેમાંથી ફરીયાદી ને વળતર પેટે ૭,૨૮,૦૦૦ ચુકવવાનો હુકમ કરવામા આવ્યો હતો અને જો આરોપી દંડ ની રકમ ન ભરેતો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવ્યો હતો કોર્ટ ઉપરોક્ત ચુકાદાથી આર્થિક વ્યવહારો કરી નાણાં ડબોચવાનો બંદ આશય ધરાવતા તત્વો મા હલચલ મચી જવાપામી છે.

# સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીના પ્રોગ્રામ મેનેજર ઈન્દ્રજીતસિંહે સાબરકાંઠા જિલ્લાના બાળ સંભાળ ગૃહની સરપ્રાઈઝ વિઝિટ કરી

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના બાળ સંભાળ ગૃહની ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી - ગાંધીનગરના પ્રોગ્રામ મેનેજર, ઈન્દ્રજીતસિંહે સરપ્રાઈઝ વિઝિટ કરી હતી.

જેમાં સંસ્થાના નિરીક્ષણ દરમિયાન જે.જે. એકટ-૨૦૧૫ અને રૂલ્સ- ૨૦૧૯ મુજબ સંસ્થા માં બાળકો ને આપવામાં આવતી જરૂરિયાત ની ચીજવસ્તુઓ તેમજ સંસ્થા ના કેમ્પસ ની મુલાકાત કરી હતી ઉપરાંત બાળ અદાલત - સાબરકાંઠાના જજ અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન વિનાયક મહેતા સાથે રૂબરૂ મુલાકાત કરી સાબરકાંઠાના બાળકોના કેસો અંગે ચર્ચા કરી પેન્ડિગ કેસો નો નિકાલ કરવા ચર્ચા કરી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા સમાજસુરક્ષા અધિકારી મહેશ પટેલ - સાબરકાંઠા અને



જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સુરેશ પાંડોર, બાળ કલ્યાણ સમિતિના સદસ્યા જાનકીબા રહેવર તથા મહેન્દ્રસિંહ રહેવર તથા સંદિપભાઈ ભાવસાર સહિતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે બાળકો માટે કરેલ કામગીરી અને યોજનાકીય પ્રચાર- પ્રસાર અંગે વિગતવાર માહિતી પુરી પાડી હતી.

# સરડોઈમાં ૨૫ વર્ષથી ખાલી તળાવ ભરવા કલેકટર સમક્ષ રજૂઆત

## વરસાદી પાણીથી અન્ય ૩ ગામનાં તળાવ ભરાય છે પરા ગામનું તળાવ કાયમી ખાલી

બાયડ બ્યુરો ઓફિસ તા. ૨૬

મોડાસા તાલુકાના સરડોઈમાં ધોધમાર વરસાદ વરસે છતાં છેલ્લા ૨૫ વર્ષથી ગામનું તળાવ ખાલીખમ રહેતું હોવાથી નર્મદાના નીરથી તળાવ ભરવા માટે જિલ્લા કલેક્ટર સમય લેખિત રજૂઆત થઈ છે. વરસાદી પાણીથી આસપાસના ગામનાં તળાવ પાણીથી ભરાય છે પરંતુ ગામનું મુખ્ય તળાવ વર્ષોથીસ તળીયા ઝાટક રહેતાં બોરકૂવાનાં તળ ઊંડા ઉતરી રહ્યાં છે.

સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના તળાવો નર્મદાના નીરથી ભરવાની યોજના સાકાર થયા પછી અસંખ્ય ગામોને તેનો ફાયદો થયો છે પરંતુ આ યોજનાથી કેટલાક ગામોના તળાવો હજુય બાકાત રહ્યા છે. તાલુકાના સરડોઈ ગામના સીમાડામાં આવેલું તળાવ ચોમાસુ ધોધમાર વરસ્યું હોય છતાં જે ધાકોર રહેતું આવ્યું છે. ચોમાસાની સીઝનમાં ડુંગરોનું પાણી નદીની જેમ ગામમાંથી વહી



જાય છે અને તેના દ્વારા શામપુર, સાલમપુર અને મેઢાસણ સહિતના તળાવોમાં પાણી ઠલવાતું હોય છે પરંતુ ગામના સ્થાનિક તળાવમાં આચમન જેટલુંય પાણી સંગ્રહીત થતું ન હોવાથી જયદીપસિંહ પુંવાર દ્વારા તળાવને ભરવા માટે જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા ૨૫ વર્ષથી તળાવ ભરાયું ન હોવાના કારણે આસપાસના બોરકૂવાનાં તળ ચિંતાજનક રીતે ઊંડા પહોંચ્યાં છે. વરસાદનું પાણી તળાવમાં જવાને બદલે ફોગટમાં વહી જતું હોય છે. સરકાર તળાવ ઉંડું કરવા પાછળ લાખો અપિયાનું આંધણ થઈ રહ્યું છે પરંતુ તળાવમાં પાણી સંગ્રહીત થાય તેવા પ્રયાસો આજદિન સુધી થયા ન હોવાના કારણે ઉનાળાની સીઝનમાં વિકટ મુશ્કેલી ઉભી થતી હોય છે. સરકારે ગામડાંના તળાવ ભરવાની યોજના અમલમાં મૂકાઈ છે ત્યારે વહીવટીતંત્ર ઈચ્છે તો લીંક કેનાલ દ્વારા તળાવ ભરવાનું સ્વપ્ન સાકાર થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે આ મુદે અગાઉ રાજયના તત્કાલિન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સમક્ષ પણ રજૂઆત થઈ હોવા થયા બાદ તેની સૈદ્વાતિક મંજૂરી અપાયા પછી પણ કોઈ કામગીરી થઈ ન હોવાથી ફરી આ મુદ્દે જિલ્લા કલેકટર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

# ડીસાની એસ. સી. ડબલ્યુ. હાઈસ્કુલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૨૬

ગુજરાત સરકાર દ્વારા



સરકારની યોજનાના વિવિધ લાભો ગ્રામિણ અને શહેરના લોકો સુધી પહોંચે તે હેતુથી સેવા સેતુ કાર્યક્રમ યોજવામા આવી રહ્યા છે ત્યારે આજરોજ ડીસા એસ.સી.ડબલ્યુ. હાઈસ્કુલ ખાતે શહેરી વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.જેનો ડીસા શહેરનાં તમામ વોર્ડના લાભાર્થીઓ દ્વારા લાભ લીધો હતો.જેમાં રાશનકાર્ડ, ચુંટણી કાર્ડ, આધારકાર્ડ,આયુષયમાન કાર્ડ, આરોગ્ય સેવાઓ સહીત અનેક સરકારી યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. સેવા સેતુ કાર્યક્રમમાં ધારાસભ્ય શશીકાંત પંડ્યા, ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી, શહેર મામલતદાર બોડાણા, સર્કલ ઓફીસર, આઈસીડીએસ ઘટક ૧ ના સીડીપીઓ સહીત સરકારી કર્મચારીઓ સાથે નગરપાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સેવા સેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓ લાભ અપાવવામાં મદદરૂપ થયાં હતાં.

# મહેસાણા જિલ્લાની ૭૫ શાળાઓના ૧૫૦ વિદ્યાર્થીઓ વડનગરની ઐતિહાસિક ધરોહરથી પરીચિત થયા

મહેસાણા, તા. ૨૬

૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહેસાણા જિલ્લાના ૭૫ શાળાઓના ૧૫૦ વિધાર્થીઓ શૈક્ષણિક પ્રવાસના કાર્યક્મમાં જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે વડનગર ઐતિહાસિક અને સાંસ્કૃતિ રીતે વિશેષ મહત્વ ધરાવે છે. આ ધરતી પર ગજબની સાંસ્કૃતિક શક્તિ રહેલી છે. તેમણે જણાવ્યું હતું કે વડનગર સમૃધ્ધ અને બેનમૂન વારસો ધરાવે છે જે વડગનરની પ્રાચીન ગરિમાને વ્યક્ત કરે છે. જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલે ઉમેર્યું હતું કે વડનગરની ઐતિહાસિક ધરોહરથી વાકેફ થાય તે દિશામાં સરકાર દ્વારા કામ થઈ રહ્યું છે. ભારત સરકાર દ્વારા વડનગરના વિકાસ માટે અનેક વિધ કાર્યો થઈ રહ્યા છે.આગામી દશકામાં વિશ્વના નકશામાં પ્રવાસન તરીકે વડનગર ઉભરી આવવાનું છે તેમ જણાવ્યું હતું



વડનગરની ૭૫ શાળાઓના ૧૫૦ વિદ્યાર્થીઓના ત્રણ ગ્રુપ શર્મિષ્ઠા ગ્રુપ, હાટકેશ્વર ગ્રુપ અને તાના-રીરી ગ્રુપના વિધાર્થીઓને વડનગરના વિવિધ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી.જેમાં વડનગર ટાઉન હોલથી લટેરી વાવ,એફ.સી.આઈ. ગોડાઉન સ્થળે પુરાતત્વ ખોદકામ, કિર્તીતોરણ, શર્મિષ્ઠા તળાવ, વોક-વે,વોચ ટાવર, પ્રેરણાવર્નાક્યુલર સ્કુલ, હાથી જૈન દેરાસર,બુધિષ્ટ મોનેસ્ટ્રી, ગઘાસંકોળ દરવાજા, તાના-રીરી મ્યુઝિયમ સાઈટ, રેલ્વે સ્ટેશન અને હાટકેશ્વર મંદિરની મુલાકાત લઈ વડનગરના અતુલ્ય વારસાથી વાકેફ થયા હતા.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજીત શૈક્ષણિક પ્રવાસથી વિદ્યાર્થીઓ ઐતિહાસિક નગરી વડનગરન અતૂલ્ય વારસાથી પરિચીત થયા હતા. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજયમાં ''આઝાદી કા અમૃત મહોત્સવલ્લની ભવ્ય ઉજવણી અંતર્ગત મહેસાણા જિલ્લાના ઐતિહાસિક નગરી વડનગરનો વારસો, સંસ્કૃતિ અને કલા વૈભવ આવનારી ભાવી પેઢી જાણે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું.


## જન્મદિને વધામણી



ડો. દર્શક ચૌધરી
ઈવા ડેન્ટલ ક્લિનિક
બાયડ



ડો.પંકજભાઈ એસ.પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ



રાજુભાઈ બી.પટેલ
બાયડ



સૌનક પટેલ
બાયડ



કંદર્પ પટેલ
બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રકતદાન મહાદાન